

**<u>પ્રેસનોટ – તા.૨૦/૦૭/૨૦૨૨</u>**

## એક વર્ષ અગાઉ પેટ્રોલપંપના માલિક પાસેથી ખંડણી માંગતા પેટ્રોલપંપના માલિકે કરેલ ફરિયાદનું મનદુઃખ રાખી, પેટ્રોલપંપ બંધ કરાવવા ગાળો અને મારી નાંખવાની ધમકી આપી, ફરાર થઇ ગયેલ આરોપીને ગણત્રીના કલાકોમાં પકડી પાડતી અમરેલી

➩ **<u>ગુન્હાની હકીકતઃ-</u>**

એક વર્ષ પહેલા અમરેલીમાં લાઠી રોડ ઉપર આવેલ ગુરૂદત્ત પેટ્રોલપંપના માલિક પાસે રૂ.દસ લાખની ખંડણી માંગી, ધમકી ભર્યો ફોન કરનાર છત્રપાલ વાળાની ઓડીયો ક્લીપ VTV ન્યુઝ ચેનલ તથા સોશિયલ મિડીયા પર વાઇરલ થઇ હતી. જે અનુસંધાને પેટ્રોલપંપના માલિક હિતેશકુમાર નવનીતલાલ આડતીયાએ ફરિયાદ આપતા આરોપી છત્રપાલ વાળા વિરૂધ્ધ **અમરેલી સીટી પો.સ્ટે. એ-પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૩૨૧૦૬૩૦/૨૦૨૧, ઇ.પી.કો. કલમ ૩૮૪, ૩૮૭, ૫૦૪, ૫૦૬(૨)** મુજબનો ગુન્હો નોંધવામાં આવેલ હતો. જે ગુનો કરી ફરાર થઇ ગયેલ આરોપી છત્રપાલ વાળાને અમરેલી એલ.સી.બી. દ્વારા પકડી પાડવામાં આવેલ હતો.

અગાઉ થયેલ ફરિયાદનું મનદુઃખ રાખી, છત્રપાલ વાળા ગઇ કાલ તા.૧૮/૦૭/૨૦૨૨ ના રાત્રે ફરીથી ગુરૂદત્ત પેટ્રોલપંપ પર ગયેલ અને પેટ્રોલપંપ બંધ કરવાનું કહી ગાળો આપેલ અને પેટ્રોલપંપ બંધ નહિં કરો તો જાનથી મારી નાંખવાની ધમકી આપી ફરાર થઇ ગયેલ. આ અંગે પેટ્રોલપંપના માલિક હિતેશકુમાર નવનીતલાલ આડતીયાએ ફરિયાદ આપતા આરોપી છત્રપાલ વાળા વિરૂધ્ધ **અમરેલી તાલુકા પો.સ્ટે. એ-પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૪૨૨૦૬૦/૨૦૨૨, ઇ.પી.કો. કલમ ૫૦૪, ૫૦૬(૨)** મુજબનો ગુન્હો નોંધવામાં આવેલ હતો.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ રેન્જના જિલ્લાઓમાં ગુનાઓ કરી, નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, અને **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાં ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતાં આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ.

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમે** ઉપરોક્ત ગુનો કરી ફરાર થઇ ગયેલ આરોપીને આજરોજ તા.૧૯/૦૭/૨૦૨૨ ના રોજ અમરેલી-લાઠી

બાયપાસ ચોકડી નજીક આવેલ લાલાવાવ હનુમાનજીના મંદિર પાસેથી પકડી પાડી, પકડાયેલ આરોપી સામે ધોરણસર કાર્યવાહી થવા સારૂ **અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન**માં સોંપી આપેલ છે.

➡ **પકડાયેલ આરોપીની વિગતઃ-**

**છત્રપાલ ચંદ્રકિશોરભાઇ વાળા, ઉં.વ.૩૩, રહે.અમરેલી, સત્યનારાયણ સોસાયટી, હનુમાનપરા રોડ, તા.જિ.અમરેલી.**

➡ **પકડાયેલ આરોપીનો ગુનાહિત ઇતિહાસઃ-**

પકડાયેલ આરોપી છત્રપાલ ચંદ્રકિશોરભાઇ વાળા વિરૂધ્ધ છેલ્લા દસ વર્ષમાં અમરેલી જિલ્લામાં નીચે મુજબના ગુન્હાઓ નોંધાયેલ છે.

(૧) અમરેલી સીટી પો.સ્ટે. એ-પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૩૨૧૦૬૩૦/૨૦૨૧, ઇ.પી.કો. કલમ ૩૮૪, ૩૮૭, ૫૦૪, ૫૦૬(૨) મુજબ

(૨) અમરેલી સીટી પો.સ્ટે. એ-પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૦૩૨૦૧૪૮૦/૨૦૨૦, ઇ.પી.કો. કલમ ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ.

(૩) રાજુલા પો.સ્ટે. બી પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૫૦૨૦૧૫૧૫/૨૦૨૦, ઇ.પી.કો. કલમ ૨૭૯ તથા એમ.વી.એક્ટ કલમ ૧૮૪, ૧૩૪ મુજબ.

(૪) રાજુલા પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૬૫/૨૦૧૯, ઇ.પી.કો. કલમ ૪૫૨, ૪૨૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબ.

(૫) અમરેલી સીટી પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૨૦/૨૦૧૮, ઇ.પી.કો. કલમ ૪૪૮ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબ.

(૬) મરીન પીપાવાવ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૨૨/૨૦૧૮, ઇ.પી.કો. કલમ ૩૯૫, ૪૪૭, ૫૦૪, ૫૦૬(૧), ૫૦૬(૨), ૪૨૭, ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબ.

(૭) અમરેલી સીટી પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૭૨/૨૦૧૦, ઇ.પી.કો. કલમ ૩૮૦, ૧૧૪ મુજબ.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.



## <u>પ્રેસનોટ – તા.૨૦/૦૭/૨૦૨૨</u>

## <u>ચોરી કરી મેળવેલ સબમર્સિબલ મોટરો ઓટો રીક્ષામાં તથા મોટર સાયકલ ઉપર લઇ વેચવા માટે નીકળેલ ત્રણ ઇસમોને ચોરીના મુદ્દામાલ તથા વાહનો મળી કુલ કિં.રૂ.૧,૩૫,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી.</u>

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા મિલકત સબંધી ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓએ અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુનાના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેક્ટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હતું.

**અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમ** ગઇ કાલ તા.૧૯/૦૭/૨૦૨૨ ના રોજ સાવરકુંડલા ટાઉન પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં તે દરમ્યાન બાતમી મળેલ કે ત્રણ ઇસમો મોટર સાયકલ તથા ઓટોરીક્ષામાં ચોરી કરી મેળવેલ સબમર્સિબલ મોટરો લઇને અમરેલી તરફ જાય છે તેવી ચોક્કસ બાતમી મળતાં મળેલ બાતમી વાળા ઇસમો અંગે વોચ ગોઠવી, ત્રણ ઇસમોને મોટર સાયકલ ઉપર તથા રીક્ષામાં ચોરી કરી મેળવેલ સબમર્સિબલ મોટરો સાથે પકડી પાડી, તેના વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી થવા **સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન**માં સોંપી આપેલ છે.

➯ <u>પકડાયેલ આરોપીઓની વિગતઃ-</u>

(૧) મહેશ ઉર્ફે મયલો જયંતીભાઇ મકવાણા, ઉં.વ.૨૫, રહે.સાવરકુંડલા, શ્રમજીવીનગર, જિ.અમરેલી
(૨) અફઝલભાઇ મુસ્તાકભાઇ કુરેશી, ઉં.વ.૨૫, રહે.સાવરકુંડલા, નુરાનીનગર તા.સાવરકુંડલા, જિ.અમરેલી
(૩) સલીમભાઇ હાસમભાઇ રાઠોડ, ઉં.વ.૩૪, રહે.સાવરકુંડલા, મણીનગર, તા.સાવરકુંડલા, જિ.અમરેલી

➯ <u>પકડાયેલ મુદ્દામાલઃ-</u>

(૧) ચોરી કરીને મેળવેલ સબમર્સિબલ મોટર નંગ-૪, કિં.રૂ.૪૦,૦૦૦/-
(૨) એક સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ, રજી.નંબર GJ-14-AQ-6595, કિંરૂ.૨૫.,૦૦૦-/
(૩) એક બજાજ કંપનીની ઓટો રીક્ષા, રજી.નંબર GJ-14-Y-1369, કિંરૂ.૭૦.,૦૦૦-/
મળી કુલ કિં.રૂ.૧,૩૫,૦૦૦/- **નો મુદ્દામાલ.**

➯ <u>પકડાયેલ આરોપીનો ગુનાહિત ઇતિહાસઃ-</u>

પકડાયેલ આરોપીઓ પૈકીના સલીમભાઇ હાસમભાઇ રાઠોડ વિરૂધ્ધ સાવરકુંડલા રૂરલ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૩૦૫૩૨૧૦૨૧૩/૨૦૨૧, ઇ.પી.કો. કલમ ૨૬૯, ૨૭૦, ૧૮૮ વિ. મુજબનો ગુનો નોંધાયેલ છે.

**પકડાયેલ આરોપીઓની પ્રાથમિક પુછપરછ દરમ્યાન તેમની પાસેથી મળી આવેલ ચોરીનો મુદ્દામાલ તેઓએ ચારેક મહિના પહેલા સાવરકુંડલા મોટા બસસ્ટેશન પાસે આવેલ પાણી પુરવઠા વિભાગના સરકારી ગોડાઉનમાંથી ચોરી કરેલ હોવાની કબુલાત આપેલ છે.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.

## <u>સાવરકુંડલા રૂરલ પો.સ્ટે.ના અપહરણના ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી.</u>

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ રેન્જના જિલ્લાઓમાં ગુનાઓ કરી, નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, અને **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાં ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતાં આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ.

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમે <u>સાવરકુંડલા રૂરલ પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૫૩૨૨૦૧૯૧/૨૦૨૨, આઇ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬ તથા પોક્સો એક્ટ કલમ ૧૮</u>** મુજબના કામે પાંચ મહિના પહેલા ભેંકરા ગામની સીમમાંથી ૧૩ વર્ષની સગીરાનું અપહરણ કરી, નાસી જનાર આરોપીને ભોગ બનનાર સગીરા સાથે આજરોજ તા.૨૧/૦૭/૨૦૨૨ ના રોજ પીઠવડી ગામના સ્મશાન સાથે રોડ ઉપરથી પકડી પાડી, પકડાયેલ આરોપી તથા ભોગ બનનારને આગળની કાર્યવાહી થવા સારૂ **સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન**માં સોંપી આપેલ છે.

➯ <u>**પકડાયેલ આરોપીની વિગતઃ-**</u>

**જીતુ ટીનાભાઇ નાયક, ઉં.વ.૨૦, રહે.સુલતાનપુરા, તા.હાલોલ, જિ.પંચમહાલ.**

પકડાયેલ આરોપી સાવરકુંડલા તાલુકાના ભેંકરા ગામે સીમ વિસ્તારમાં ખેત મજુરી કામ કરવા માટે આવેલ હતો અને બાજુની વાડીમાં રહેતા ફરિયાદીની સગીર વયની દિકરીને લલચાવી ફોસલાવી ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરીને લઇ ગયેલ હતો.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.




**<u>પ્રેસનોટ – તા.૨૨/૦૭/૨૦૨૨</u>**

**<u>બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી કેબલ, રોકડ રકમ તથા મોબાઇલ ફોનની ચોરી કરનાર તથા વંથલી પો.સ્ટે.ના ચોરીના ગુનામાં નાસતા ફરતા ઇસમને ચોરીના મોબાઇલ ફોન નંગ-૬ તથા રોકડ રકમ સહિત કુલ કિં.રૂ.૨૮,૫૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી.</u>**

⇨ <u>ગુન્હાની વિગતઃ-</u>

ગઇ તા.૨૮/૦૬/૨૦૨૨ ના રાત્રિના કલાક ૧૧/૦૦ થી તા.૨૯/૦૬/૨૦૨૨ ના સવારના કલાક ૬/૦૦ દરમ્યાન બાબરા તાલુકાના સુખપુર-સુકવડા ચોકડી પર આવેલ માન્યતા એન્ટરપ્રાઇઝની સાઇટ પરથી જનરેટરનો કેબલ આશરે ૪૦ ફુટ કિં.રૂ.૧૦૦૦/- નો તથા મજુરોના અલગ-અલગ કંપનીના મોબાઇલ ફોન નંગ-૮ કિં.રૂ.૧૯૫૦૦/- તથા રોકડા રૂ.૫૦૦૦/- મળી કુલ કિં.રૂ.૨૫૫૦૦/- ની ચોરી થયેલ હોય જે અંગે **બાબરા પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૦૮૨૨૦૬૦૮/૨૦૨૨ ઇ.પી.કો. કલમ ૪૪૭ ૪૫૪ ૩૮૦** મુજબનો ગુનો અજાણ્યા ચોર ઇસમ વિરૂધ્ધ રજી. થયેલ.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા મિલકત સબંધી ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** દ્વારા અમરેલી જિલ્લામાં બનેલ મિલકત સબંધી ગુનાઓના આરોપીઓને પકડી પાડી, ફરિયાદીની ગયેલ મિલકત તેમને પાછી મળે, તે માટે જરૂરી કાર્યવાહી કરવા **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા એલ.સી.બી. ટીમ**ને જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

ઉપરોક્ત ગુનાના અજાણ્યા આરોપીઓ અંગે તપાસ કરવા **અમરેલી એલ.સી.બી. ટીમ** દ્વારા બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સઘન તપાસ હાથ ધરવામાં આવેલ અને તપાસ દરમ્યાન બાબરા બસ સ્ટેશન પાસેથી એક ઇસમને શંકાસ્પદ હાલતમાં પકડી પાડેલ અને તેને ચેક કરતાં તેની પાસેથી ઉપરોક્ત ચોરીમાં ગયેલ તે પૈકીનો મુદ્દામાલ મળી આવતાં પકડાયેલ ઇસમને ચોરીના મુદ્દામાલ સાથે આગળની કાર્યવાહી થવા **બાબરા પોલીસ સ્ટેશન**માં સોંપી આપેલ છે.

⇨ <u>પકડાયેલ આરોપીઃ-</u> **વિક્રમ ઉર્ફે વિજય ધીરૂભાઇ સોલંકી (ચારોલીયા), ઉં.વ.૨૩, રહે.હાલ ગોંડલ, આશાપુરા ચોકડી, તા.ગોંડલ, જિ.રાજકોટ, મુળ રહે.વાંસાવડ, તા.ગોંડલ, જિ.રાજકોટ**



<u>**પ્રેસનોટ – તા.૨૩/૦૭/૨૦૨૨**</u>

<u>**રાજુલા પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુનામાં ત્રણ માસથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી.**</u>

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ રેન્જના જિલ્લાઓમાં ગુનાઓ કરી, નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, અને **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાં ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતાં આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ.

**અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમે** <u>**રાજુલા પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૦૨૨૦૨૮૩/૨૦૨૨, પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(એ), ૮૧, ૯૮(૨)**</u> મુજબના કામનો આરોપી ત્રણ મહિનાથી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા હોય અને મજકુર આરોપીનું નામ. રાજુલા કોર્ટમાંથી સી.આર.પી.સી. કલમ ૭૦ મુજબનું વોરંટ ઇસ્યુ થયેલ હોય, મજકુર આરોપીને આજરોજ તા.૨૩/૦૭/૨૦૨૨ ના રોજ અમરેલી બસ સ્ટેશન પાસેથી પકડી પાડી, આગળની કાર્યવાહી થવા સારૂ **રાજુલા પોલીસ સ્ટેશન**માં સોંપી આપેલ છે.

⇨ <u>**પકડાયેલ આરોપીની વિગતઃ-**</u>

**પરેશભાઇ ભુપતભાઇ લાડુમોર, ઉં.વ.૩૦, રહે.બર્બટાણા, તા.રાજુલા, જિ.અમરેલી.**

⇨ <u>**પકડાયેલ આરોપીનો ગુનાહિત ઇતિહાસઃ-**</u>

પકડાયેલ આરોપી વિરૂધ્ધ નીચે દર્શાવ્યા મુજબના ગુનાઓ નોંધાયેલ છે.

(૧) રાજુલા પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. ૫૯૩/૨૦૧૯, પ્રોહી એક્ટ કલમ ૬૫(ઇ), ૬૫(એફ), ૮૧

(૨) રાજુલા પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. ૧૧૧૯૩૦૫૦૨૧૧૧૬૮, જુગાર ધારા કલમ ૧૨

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.